# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના એક દિવસના પ્રવાસે
2) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, "ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ઑલિમ્પિક કક્ષાની માળખાકીય સુવિધા તૈયાર થઈ રહી છે."
3) GST વિભાગે અમદાવાદમાંથી એક કરોડ 93 લાખથી વધુની કરચોરી પકડી
4) અમદાવાદના રિક્ષાચાલકોને પહેલી જાન્યુઆરીથી ફરજિયાત મીટર લગાવવા શહેર પોલીસ કમિશનરનો આદેશ
5) રાજ્યમાં આગામી સપ્તાહમાં વરસાદની કોઈ આગાહી નહીં, 6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડું શહેર

➢

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH-GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના એક દિવસના પ્રવાસે આવશે. શ્રી શાહ વલસાડના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. દરમિયાન તેઓ રાજ સભાગૃહ ખાતે મહામસ્તકાભિષેક સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

# AHMEDABAD MANSUKH MANDAVIYA

અમદાવાદમાં ગઈકાલે ક્રીડા ભારતી ગુજરાત પ્રાન્ત દ્વારા ખેલ સંકલ્પ સંમેલન યોજાઈ ગયું, જ્યાં રાજ્યના વિવિધ રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય ચંદ્રક વિજેતા ખેલાડીઓ સહિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય રમતગમતમંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ઑલિમ્પિક કક્ષાની માળખાકીય સુવિધા તૈયાર કરવામાં આવી રહી છે.

**(બાઈટઃ ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય રમતગમત મંત્રી)**

# RUSHIKESH PATEL BHAVNAGAR

રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે ભાવનગરના નારી ખાતે તૈયાર થયેલી આરોગ્ય મહાવિદ્યાલયની મુલાકાત લીધી હતી. દરમિયાન તેમણે ૯00 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી આ પરિયોજનાના નિર્માણ કાર્યની સમીક્ષા કરી હતી.

શ્રી પટેલે આ પરિસરમાં 161 કરોડ રૂપિયાના ખર્ચે એકેડમિક બ્લૉક, 181 કરોડ રૂપિયાના ખર્ચે છાત્રાલય અને અંદાજે 557 કોરડ રૂપિયાના ખર્ચે ટિચિંગ હૉસ્પિટલ અને MCH ઈમારત સહિત નિર્માણાધીન કાર્યોની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું..

# RAJKOT – NATIONAL HANDBALL COMPETITION

રાજકોટની સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી 12થી 16 જાન્યુઆરી દરમ્યાન પ્રથમવાર પુરુષોની પશ્ચિમ ઝોન ઇન્ટર યુનિવર્સિટી રાષ્ટ્રીય હેન્ડ બોલ સ્પર્ધા યોજાશે. અંદાજે 17 વર્ષ બાદ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા વિશ્વ વિદ્યાલયમાં યોજાવા જઈ રહી છે. આ અંગે સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયના રમતગમત અધિકારી ડો. હર્ષ રાબાએ માહિતી આપી હતી.

(બાઇટ : ડો. હર્ષ રાબા - સ્પોર્ટસ અધિકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)

# GST CHORI

રાજ્યના વસ્તુઅને સેવા કર- GST વિભાગે અમદાવાદના તમાકુના વેપારી પાસેથી એક કરોડ 93 લાખ રૂપિયાથી વધુની કરચોરી પકડી પાડી છે. સત્તાવાર યાદી મુજબ, GST વિભાગની અન્વેષણ શાખાને મળેલી માહિતી અને આનુશાંગિક સંશોધનના આધારે 24 ડિસેમ્બરે અમદાવાદની ખાનગી પાન મસાલા અને તમાકુના વેપાર સાથે સંકળાયેલા વેપારીને ત્યાં તપાસ અને જપ્તીની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન એક કરોડ 93 લાખ રૂપિયાની વેરાચોરી થઈ હોવાનું જણાયું હતું. GST વિભાગે તપાસ કરતાં રોકડ વ્યવહારો દ્વારા બિન-હિસાબી વેચાણ અને બિન-હિસાબી સ્ટૉક જેવી ગેરરીતિઓ પણ ધ્યાને આવી હતી.

# MANMOHAN SINGH PRATHA SABHA

પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉક્ટર મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આજે અમદાવાદમાં પ્રાર્થના સભા યોજાશે.. શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આજે સાંજે પાંચ વાગે **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા** આ પ્રાર્થના સભાનું  આયોજન કરાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# AMDAVAD RICKSHAW METER

અમદાવાદ શહેરના રિક્ષાચાલકો માટે પહેલી જાન્યુઆરી 2025થી મીટર ફરજિયાત કરાયું છે. અમદાવાદ પોલીસ કમિશનરે શહેરમાં ચાલતી તમામ ઓટોરિક્ષામાં ફરજિયાતપણે મીટર લગાવવા જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામામાં જણાવ્યા મુજબ, પહેલી જાન્યુઆરીથી જે પણ રિક્ષામાં મીટર નહીં હોય તેમની સામે દંડનીય કાર્યવાહી કરાશે. તેથી શહેરમાં દોડતી લગભગ 2 લાખથી વધુ રિક્ષામાં હવે મીટર લગાવવું ફરજિયાત રહેશે.

આ જાહેરનામા બાદ રિક્ષામાં ફ્લેગ મીટર અથવા ડિજિટલ મીટર લગાવવું આવશ્યક બન્યું છે. આ મીટરમાં રિક્ષા જેટલા કિલોમીટર ચાલી હશે તે અને તેની નીચે ભાડા પેટે ચૂકવવાના રૂપિયાની કિંમત લખેલી હશે જેથી તમામ મુસાફરો મીટરમાં લખેલા રૂપિયા આપી શકશે.

# VALSAD BAGAYAT PAK

વલસાડ જિલ્લામાં ગઈકાલે સવારથી ધુમ્મસવાળું વાતાવરણ રહેતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ત્યારે તૈયાર પાક અને આંબાવાડીમાં તકેદારી રાખવે બાગાયત વિભાગે ખેડૂતોને સૂચના આપી છે.

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લાના ખેડૂતો સૌથી વધુ આંબાવાડી ઉપર નભે છે. આંબાવાડીમાં હાલ ફ્લેવરિંગની મોસમ ચાલી રહી છે. 50થી વધુ આંબાવાડીમાં સમયસર ફ્લેવરિંગ આવ્યા છે. ખેડૂતોને પાક, કાપણી કરેલા પાક ખૂલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી ઢાંકવા સલાહ અપાઈ છે.

# GIR SOMNATH KUSTI

ગીર સોમનાથ જિલ્લાના ખેલાડીએ રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. કોડીનાર તાલુકાના અરણેજ ગામના ખેલાડી ઉમેશ વાઢિયાએ અમદાવાદ ખાતે રમાયેલી સાતમી ઑપન નેશનલ યુથ ગેમ્સ 2024માં રાષ્ટ્રીયકક્ષાએ કુસ્તી સ્પર્ધા રમી અને તેમાં બીજો ક્રમાંક મેળવી રજત ચંદ્રક જીત્યો છે.

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી સપ્તાહમાં રાજ્યમાં વરસાદની કોઈ શક્યતા નથી. જ્યારે કોઈ જિલ્લામાં ઠંડીનું મોજું ફરી વળવાની પણ શક્યતા નથી. ગુજરાત પર અત્યાર સુધીમાં જે ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી ઠંડા પવન આવી રહ્યા છે. તેની દિશા આગામી દિવસોમાં બદલાઈને પૂર્વ તરફથી આવવાની સંભાવના છે, જેથી રાજ્યના કેટલાક જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ વધવાની આગાહી છે.

**(બાઈટઃ અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

છેલ્લા 24 કલાકમાં રાજ્યનું સૌથી ઓછું 6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે જુનાગઢના કેશોદમાં આઠ, રાજકોટમાં નવ, કચ્છના ભુજ અને કંડલા હવાઈમથક પર 10, અમરેલીમાં 10 અને અમદાવાદમાં 15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયાના અહેવાલ છે.

આ તરફ અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠાથી અંદાજે એક લાખ 48 હજાર હેક્ટરમાં પાક પર માઠી અસર થઈ છે. સૌથી વધુ વિપરીત અસર 13 હજાર 324 હેક્ટરમાં રાયડો, ચણા, વરિયાળી અને જીરુંના પાક પર થઈ છે.

# CONDUCTOR EXAM

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ લિમિટેડ- GSRTC દ્વારા ગઈકાલે કંડક્ટરની જગ્યાઓ માટે લેવાયેલી પરીક્ષાની OMR સીટ GSRTCની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવી છે. રાજ્યના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા એક્સ પર એક સંદેશમાં જણાવ્યું કે, રાજ્યભરના વિવિધ કેન્દ્રો પર 30 હજાર 843 ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી.